## પીડીપીયુ પાસે ગટરના કામ સમયે ભેખડ ધસી પડતા મજુરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક પીડીપીયુ માર્ગ પર ચાલી રહેલી ગટરની કામગીરીમાં ભેખડ ધસી પડતા મજુરનું મૃત્યું થયું છે. પ્રમુખ પાર્ક પાસે ગટરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન બુધવારના રોજ બપોરના સુમારે આ ઘટના બની હતી. અંદાજીત ૧૦ ફુટ ઉંડા ખાડામાં ૨૫ વર્ષિય મજુર પ્રવિણભાઈ મોહનભાઈ પલાસ (ઉં.વ.-૨૫ રહે. તરસોડા દાહોદ) કામ કરી રહ્યો હતો. તે સમયે અચાનક માર્ગ બાજુની ભેખડ ધસી પડતા મજુર અંદર દટાઈ ગયો હતો. જેને પગલે હોહા મચી ગઈ હતી અને નાગરીકો અને મજુરો એકઠા થઈ ગયા હતા. તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરીને મજુરને બહાર નીકાળવામાં આવ્યો હતો અને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયા ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો.બનાવને પગલે તાત્કાલીક પહોંચેલા હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ ચૌધરીએ મૃતદેહનું પીએમ કરાવી અકસ્માતે મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ અપનાબજાર બાજુ વાયરોના કનેકશન સાથેનું ઈલેકટ્રીક બોકસ તુટેલી હાલતમાં છે જેનાથી કરંટ લાગવાનો ભય વેપારી વર્ગ તથા નગરજનોમાં વર્તાઈ રહ્યો છે.

## સત્યાગ્રહ છાવણી ખાતે શુક્રવારથી મધ્યાહન ભોજનના કર્મચારીઓના ધરણા યોજાશે

ગાંધીનગર,તા.૧૦

મધ્યાહન ભોજનના કર્મચારીઓ છેલ્લા ત્રણ દાયકાથી સામાન્ય વેતનમાં ફરજ બજાવે છે. જેમાં સંચાલક ૧૬૦૦, રસોઈયા ૧૪૦૦ અને મદદનીશને રૂ.૧૦૦૦ વેતન મળે છે. ત્યારે કાયમી મોંઘવારીમાં આ સામાન્ય વેતનમાં પરિવારનું ભરણ-પોષણ કરવુ મુશ્કેલ બની ગયું છે. ત્યારે કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈ અનેકવાર રાજય સરકાર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆત કરી ચુક્યા છે. તેમ છતા આ કર્મચારીઓની માંગ સરકારના બહેરા કાને સંભળાતી ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આગામી તા. ૧૨ જુલાઈને શુક્રવારના રોજ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે શાંત અને અહિંસક આંદોલન શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે કરશે. આ આંદોલનમાં પ્રતિક ઉપવાસ અને ધરણા કાર્યક્રમ યોજાવાનો હોવાથી રાજયભરમાંથી હજ્જારો કર્મચારીઓ ગાંધીનગર ઉમટી પડશે.

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની મુખ્ય માંગણીમાં લઘુતમ વેતન આપી કાયમી કરવા, એન.જી.ઓ. રદ કરવી અને જયાં એન.જી.ઓ. છે ત્યાં રદ કરીને છુટા થયેલા કર્મચારીઓને નોકરી પર લેવા, તેમજ તાજેતરમાં મધ્યાહન ભોજન યોજનામાં નવા મેનું તેમજ અલાયદી નાસ્તો આપવાનો જી.આર. છે. તે રદ કરવો, આ માંગણીઓને લઈ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે. પરંતુ સરકાર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને પગલે કર્મચારીઓમાં પણ રોષની લાગણી ભભુકી ઉઠી છે. ત્યારે આગામી તા. ૧૨ જુલાઈના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાં હજ્જારો કર્ચમારીઓ ઉમટી પડશે અને પ્રતિક ઉપવાસ અને ધરણા યોજશે તેમ મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

## ઔદ્યોગિક વિકાસ અને રોજગારીના સર્જન માટે ઉદ્યોગોને બજાર ભાવે જ જમીન ફળવાય છે

ઔદ્યોગિક વિકાસ અને રોજગારીના સર્જન માટે રાજ્ય સરકાર ઉદ્યોગોને બજાર ભાવે જ જમીન ફાળવે છે, આ અંતર્ગત ગાંધીનગરના કોબા ખાતે મે. એકવાલાઈન પ્રોપર્ટીઝ પ્રા.લિ.ને આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.ને 'સેઝ પાર્ક' સ્થાપવા માટે જે જમીન ફાળવવામાં આવી હતી તેના પેટે જે-તે સમયે પ્રતિ ચો.મી.ના રૂ.૪૭૦/-ના બજારભાવે રૂ.૧૭,૬૯,૯૩,૦૦૦ની કિંમત વસુલ કરવામાં આવી હતી. આ અંગેની માહિતી મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ વિધાનસભામાં એક પ્રશ્નનો ઉત્તર પાઠવતા જણાવ્યું હતું. રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન મળે, યુવાનોને તેમાંથી રોજગારી મળી રહે તે હેતુથી એસ.ઈ.ઝેડની રચના કરવામાં આવે છે. એસ.ઈ.ઝેડ.માં ઉદ્યોગોને ખાસ સગવડો, આર્થિક લાભ આપીને વધુ પ્રોત્સાહિત કરવામાં આવે છે, તેમ ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ દ્વારા પૂછાયેલ પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.



આવ રે વરસાદ...!! આવું સામાન્ય નાગરિક તો કહે જ છે પણ છત્રી વેચનાર પણ વધુ વિનવણી કરી રહ્યા છે. કેમ કે, વરસાદ આવે તો છત્રી ખરીદવા કોઈ આવે ને...!!!

## બાલાજી વિન્ડ પાર્ક ખાતે બે શખ્સો સામે ૩.૬૭ લાખની ચોરીની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા ખોરજ ગામની સીમમાં સ્થિત બાલાજી વિન્ડ પાર્ક એપાર્ટમેન્ટમાં પતિના મૃત્યુંને પગલે વતન ગયેલા પરિવારનો સામાન ખાલી કરી દેનાર બે ઈસમો સામે ચોરીની ફરીયાદ નોંધાવા પામી છે. પતિએ ટોકન ભરીને ફલેટ લીધો હતો જેના બાનાખત અને લોન પ્રોસેસ પહેલા જ તેમનું મૃત્યું થયું હતું. ફલેટમાં રહેવા આવી ગયેલ પરિવાર વતન ગયો હતો. તે સમયે તેમનો સામાન ખાલી કરી દેવાતા ઘણી વસ્તુઓ ગુમ થઈ જતા રૂ.૩.૬૭ લાખની મત્તાની ચોરીની ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ બાલાજી વિન્ડ પાર્ક એપાર્ટમેન્ટ એફ-૨૦૩ અને ૨૦૪ ખાતે રહેતા હંસાબેન લાલજીભાઈ ધાવડા ઉં.વ.૪૫ એ ગત ઓકટોબર-૦૧૮માં તેમના પતિએ ખોરજ ગામની સીમમાં આવેલ આ બે ફલેટ લેવાનું નક્કી કર્યુ હતું. રૂ. ૧.૭૬ કરોડમાં નક્કી કરેલા થયેલા બંન્ને ફલેટ માટે તેમણે રૂ. ૩૦ લાખ ટોકન પેટે ભરતભાઈ ભટ્ટને આપ્યા હતા. નવેમ્બર-૨૦૧૮ માં મકાનનું બાનાખત તેમજ લોનની પ્રોસેસ થાય તે પહેલા અચાનક બિમાર પડેલા લાલજીભાઈનું મોત થયું હતું. જેને પગલે હંસાબેન પોતાના બે પુત્રો અને બે પુત્રીઓ સાથે વતન જામ ખંભાડીયાના કંચનપુર ગામે ગયા હતા. ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ તેઓ ગાંધીનગર પરત ફર્યા હતા.ત્યારે ભરતભાઈ ભટ્ટના મેનેજર હાર્દિક ખેતીયા તેમજ સિક્યુરીટી ગાર્ડે પરિવારને ફલેટમાં પ્રવેશવા દીધા ન હતા.

ઘર છીનવાઈ જતા હંસાબેન મે માસમાં ગાંધીનગર કોર્ટમાં સ્પેશ્યલ દિવાની દાવો દાખલ કર્યો હતો. બેલીફ તથા કોર્ટના કર્મચારીઓ સાથે પંચનામા સમયે તેઓ ફલેટ પર ગયા હતા અને અંદર પડેલી ઘરવખરી તેમજ કિંમતી સામાન ગુમ હતો. તા.૨૬ જુનના રોજ મહિલા પોતાના સંબંધી સાથે પુત્રનું બુલેટ લેવા ગયા ત્યારે સિક્યુરીટી ગાર્ડે કહ્યુ હતુ કે હાર્દિકભાઈએ એફ બ્લોકના બેઝમેન્ટમાં કેટલોક ઘરવખરીનો સામાન મુક્યો છે, તે તમે જોઈ લો હંસાબેને જઈને જોયું તો પલંગ ટેબલ, શેટ્ટી, વોશીંગ મશીન, સોફા, ફ્રીજ જેવો સામાન મળી આવ્યો હતો. હંસાબેનની ફરીયાદ મુજબ તેમના પતિના અગત્યના વેપાર અને મિલ્કતોના પેપર્સ, બે પુત્રોના અભ્યાસના જરુરી ડોક્યુમેન્ટ, ૭ તોલાનો સોનાનો હાર, વીંટી, ચાંદીની ઝાંઝરી, રોકડારૂ.૭૫ હજાર અને ઘરનો અન્ય સામાન મળી કુલ રૂ.૩.૪૭,૪૦૦ ની મતાનો સામાન હજુ ગુમ છે. જે અંગે તેમણે ભરતભાઈ ભટ્ટ અને હાર્દિકભાઈ પરેશભાઈ ખેતીયા (બંન્ને રહે. બાલાજી વીન્ડ પાર્ક) સામે ચોરીની ફરીયાદ કરી છે.

## પાટનગરને ફરી ગ્રીનસિટી બનાવવા શહેરીજનોના અભૂતપૂર્વ સ્વયંભૂ પ્રયાસો

### છેલ્લાં બે માસમાં અંદાજે બે હજારથી વધુ વૃક્ષોના વાવેતર કરાયાં : હજુ પણ વધુ વૃક્ષારોપણ કાર્યક્રમોના આયોજન થઈ રહ્યાં છે : શહેરના યુવા વર્ગ તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો સ્વયંભૂ પ્રસંશાત્મક પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૦

એક સમયે સમગ્ર એશિયા ખંડમાં ''હરિયાળા પાટનગર''નું બિરૂદ મેળવી ચુકેલા ગાંધીનગરમાં છેલ્લાં દસ વર્ષમાં વનરાજી એટલી ઘટી જવા પામી કે આ બિરૂદ તો છીનવાઈ ગયું પરંતુ દેશના હરિયાળા શહેરોમાં પણ ગાંધીનગરનો ક્રમ ઘણો પાછળ ધકેલાઈ જવા પામ્યો છે. જોકે હવે શહેરને આવનારા સમયમાં ફરી એકવાર ''ગ્રીનસિટી'' તરીકેનું સન્માન પરત મળે તે માટે શહેરના પ્રકૃતિપ્રેમી યુવાનો તથા પર્યાવરણપ્રેમી સંસ્થાઓએ સ્વયંભૂ રીતે બીડુ ઝડપ્યું હોય તેવી પરિસ્થિતિ છેલ્લાં એક માસથી જોવા મળી રહી છે. તેમાં પણ છેલ્લાં બે માસમાં શહેરમાં અંદાજે ૨ હજારથી વધુ વૃક્ષોના વાવેતર થયાં છે તેમજ હજુ પણ આવનારા સમયમાં અસંખ્ય વૃક્ષોના વાવેતરના આયોજન કરવામાં આવ્યાં છે. લાગે છે કે શહેરીજનોએ સરકારના ભરોસે બેસી રહેવાને બદલે જાતે જ પાટનગરને ગ્રીનસિટી બનાવવાનો સંકલ્પ કરી લીધો છે.

શહેરમાં યુવાનો દ્વારા પર્યાવરણ પ્રત્યે સોશ્યલ મિડીયા થકી અભૂતપૂર્વ જાગૃતિ ફેલાવાઈ રહી છે અને યુવાનો દ્વારા વૃક્ષારોપણનો અગ્રીમતા આપવામાં આવી રહી છે. આ સાથે કેટલિક સ્વૈચ્છિક સંસ્થાઓ શહેરનો ફરી એકવાર ''ગ્રીનસિટી'' બનાવવા યુવાનોને હાંકલ કરી પ્રેરિત કરી રહી છે તથા વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરી રહ્યાં છે. શહેરમાં ગત ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે જ આશરે પાંચસોથી વધુ વૃક્ષોના વાવેતર કરાયાં હતા જેમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, નેહરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર ચમક્યુ છે, મધુર ડેરી સહિત અનેક સંસ્થાઓએ વૃક્ષારોપણ કર્યુ હતુ. આ ઉજવણીમાં વિવિધ કોલેજો અને શાળાઓ પણ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. આ પછી વરસાદના આગમના એંધાણ થતા જ જૂનના અંત ભાગમાં અને જુલાઈ માસના પ્રારંભિક સમયમાં શહેરમાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયાં છે. જેમાં ગાંધીનગર ચમકાયું છે. ગ્રુપ દ્વારા સેક્ટર-૨૮માં, આપણું ફાઉન્ડેશન દ્વારા સે. ૨૮ની સરકારી પ્રાથમિક શાળામાં, સેક્ટર-૩માં યુવાનોના ગૃપ દ્વારા, મુક્તિધામ ખાતે તેમજ આજે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પણ વૃક્ષારોપણ હાથ ધરાયાં છે.

સરકાર દ્વારા વન મહોત્સવ અંતર્ગત જે વૃક્ષારોપણ કરવામાં આવે છે તે ઉપરાંત શહેરના યુવાનો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરાતા વૃક્ષારોપણ પ્રસંશાને પાત્ર સંખ્યામાં જોવા મળી રહ્યાં છે. હજુ આગામી સમયમાં હેપ્પી યુથ ક્લબ, નેહરૂ યુવા કેન્દ્ર સહિતની વિવિધ સંસ્થાઓ પણ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવાની તૈયારીઓ કરી રહી છે. વળી આ વખતે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે યુવાનો વૃક્ષારોપણ સાથે રોપાઓના માવજતની જવાબદારી પણ ઉઠાવી રહ્યાં છે જે શહેર માટે ઘણી આવકારદાયક બાબત છે.



### ગુજરાત માહિતી આયોગે પણ વૃક્ષારોપણ કર્યુ

''ગ્રીન ગાંધીનગર-ક્લીન ગાંધીનગર''ના સંકલ્પ સાથે ગુજરાત માહિતી આયોગ દ્વારા પણ તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં માહિતી આયોગના મુખ્ય કમિશ્નર દિલીપ ઠાકર, માહિતી કમિશ્નર આર.આર. વરસાણી, સહિત કે.એમ. અધ્વર્યુ, વિરેન્દ્ર પંડ્યા તથા કર્મચારીઓ જોડાયાં હતા. માહિતી આયોગ દ્વારા સે. ૧૦માં કર્મયોગી ભવન ખાતે ૧૧૧ વૃક્ષોનું વાવેતર કર્યુ હતુ અને તેની માવજતનો સંકલ્પ પણ કર્યો છે.

## ૧૦૭ વિદ્યાસહાયકોને પૂર્ણ પગારમાં સમાવાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા ૧૦૭ જેટલા વિદ્યાસહાયકોને પુરા પગારના હુકમો આજે આપી દેવામાં આવ્યા છે. જે ૧૦૭ વિદ્યાસહાયકોને પુરા પગારના હુકમો અપાયા છે તેમાં માણસાના ૧૪, કલોલના ૨૦, દહેગામના ૩૦ અને ગાંધીનગરના ૪૭ વિદ્યાસહાયકોનો સમાવેશ થાય છે.

વિભાગ દ્વારા આજે યોજાયેલ કેમ્પમાં નવ વર્ષ પછી મળતા ઉચ્ચત્તર પગારનો લાભ ૨૫૩ શિક્ષકોને આપવાના હુકમો તેમજ ૨૦ વર્ષ પછી મળતા ઉચ્ચત્તર પગારનો લાભ ૪૩ શિક્ષકોને આપતા હુકમો પણ જારી કરવામાં આવેલ છે. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જિલ્લાના શિક્ષકોના પ્રશ્નોનું આજે કેમ્પ યોજી નિરાકરણ કરવામાં આવતાં શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

## માતા-બહેનો સાથે રૂપાણી દ્વારા સહજતાથી વાતચીત

ગાંધીનગર,તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રની કામગીરી નિહાળવા બુધવારે વિધાનગૃહની મૂલાકાતે આવેલી ૧૦૦૦ જેટલી નારીશકિત-ભગિની શકિત-વિદ્યાર્થીની બહેનો સાથે સીધો સંવાદ સાધી સી.એમ કોમન મેનનું આગવું દ્રષ્ટાંત પુરૂં પાડયું છે. રાજકોટ શહેર-ગ્રામ્ય, જામનગર અને અમરેલી જિલ્લાની વિવિધ સંસ્થાઓની બહેનો તેમજ અમરેલીની બી. બી. એ. કોલેજની વિદ્યાર્થીનીઓ વિધાનસભા જોવા ગાંધીનગરના પ્રવાસે આવેલી હતી. મુખ્યમંત્રીએ વિધાનસભા પોડિયમમાં આ નારી-ભગિની શકિત સાથે સંવાદ સાધતા કહ્યું કે, ગુજરાતમાં મહિલા-બાળકલ્યાણ તેમજ કન્યા શિક્ષણ માટે રાજ્યના બજેટમાં વિશેષ પ્રાવધાન કરી ''વ્હાલી દિકરી'' જેવી કલ્યાણ યોજનાઓ શરૂ કરી છે.



### વડોદરા બી.એન. વિદ્યામંદિરમાં વિશ્વવસ્તી દિન નિમિત્તે રેલી યોજાઈ

વિશ્વવસ્તી દિન પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે તાલુકાના વડોદરા ગામમાં બી.એન. વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડોદરાના સહયોગથી જનજાગૃતિની એક રેલી યોજાઈ હતી. આ જનજાગૃતિ રેલી સમગ્ર ગામમાં વસ્તી વિશે પ્રચાર અને પ્રસારથી ગ્રામજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## સ્ટેમ્પ ડયુટી ભરવાની વિવિધ પધ્ધતિઓની જાહેર જનતાને જાણકારી

ગાંધીનગર, તા.૧૦

સ્ટેમ્પ ડયુટી ભરવાની વિવિધ અલગ – અલગ પધ્ધતિઓ બાબતે જાહેર જનતાને જાણકારી આપવા અને આ પધ્ધતિઓથી વાકેફ થાય તે માટે ગાંધીનગર જિલ્લાની સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરી દ્વારા જાહેર જનતાને જણાવાયું છે કે સ્ટેમ્પ પેપર માત્ર પરવાનેદાર સ્ટેમ્પ વેન્ડરો અને પોષ્ટ ઓફિસો દ્વારા વેચાણ કરવામાં આવે છે. જયાંથી સ્ટેમ્પ પેપર રૂ. ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, ૫૦૦૦, ૧૦૦૦૦, ૧૫૦૦૦, ૨૦૦૦૦, ૨૫૦૦૦ ના દરમાં સ્ટેમ્પ પેપર મળે છે અને આ સ્ટેમ્પ પેપર ઉપર જરૂરિયાત મુજબનું લખાણ કરી શકાય છે.

આ સંદર્ભે માત્ર પરવાનેદાર બેકોં (સરકારી – ખાનગી – સહકારી ) દ્વારા ફ્રેન્કિંગ મશીનથી છાપ પાડીને ફ્રેન્કિંગ સ્ટેમ્પ લગાવી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરી શકાય છે. જયાં જરૂરિયાત મુજબના રકમનાં ફ્રેન્કિંગ સ્ટેમ્પ લગાવી શકાય છે. ફ્રેન્કિંગ સ્ટેમ્પ છાપેલા ફોર્મ ઉપર અથવા ટાઈપ કરેલા કે લખેલા લખાણ દસ્તાવેજ ઉપર લગાવી શકાય છે.

ઈ –સ્ટેમ્પીંગ સર્ટિફીકેટથી પણ સ્ટેમ્પ ડયુટી ભરપાઈ થઈ શકે છે. ઈ – સ્ટેમ્પીંગ સર્ટિફીકેટનાં વેચાણ માટે સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. ની સાથે ગુજરાત સરકારશ્રી દ્વારા એગ્રીમેન્ટ કરવામાં આવ્યા છે. જે દ્વારા દરેક જિલ્લાઓ / તાલુકાઓમાં સબ રજીસ્ટ્રાર કચેરીઓ ખાતે તથા અન્ય સ્થળોએ ઈ – સ્ટેમ્પીંગ સુવિધા કેન્દ્રો શરૂ કરેલ છે. આ ઈ – સ્ટેમ્પીંગ સુવિધા કેન્દ્રો પર જઈ નિયત ફોર્મમાં વિગતો ભરીને જેટલી રકમની સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય તેટલી રકમની ચુકવણી કરી સ્ટેમ્પની માંગણી કરવાથી તેટલી રકમનું કોમ્પ્યુટર સિસ્ટમથી જનરેટ થતું ઈ – સ્ટેમ્પીંગ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે.

આ ઉપરાંત રાજય સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૧૯ થી ઓન લાઈન સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની સુવિધા પણ અમલમાં મુકવામાં આવી છે. જાહેર જનતા ફ્ર્રફ્રદ્રિ.ફ્રૈદ્વફ્રદ્વિ.ફ્ર્દ્રૈ.હ વેબસાઈટ ઉપર જઈ નોંધણીપાત્ર દસ્તાવેજોમાં ભરપાઈ કરવાની સ્ટેમ્પ ડયુટી ઓન લાઈન ભરી તેનાં ચલણની પ્રિન્ટ કઢાવીને દસ્તાવેજ સાથે નોંધણી સમયે રજૂ કરી શકે છે. તેમ નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરી, ગાંધીનગરની એક યાદીમાં જણાવ્યું છે.

જે. એસ. એસ. કે. યોજના અંતર્ગત સર્ગભા સ્ત્રીઓની સોનોગ્રાફી કરવાની થતી હોઇ રસ ધરાવતા પી.સી. એન્ડ પીએનડીટી માન્ય પ્રાંતિજ તાલુકાની સંસ્થાઓએ દિન સાતમાં અત્રેની કચેરીએ બંધ કવરમાં ભાવપત્રક મોકલી આપવા.

**તાલુકા હેલ્થ ઓફિસર - પ્રાંતિજ**
તાલુકા હેલ્થ ઓફિસરની કચેરી નેશનલ હાઈવે આઠ,
સામુહિક આરોગ્ય કેન્દ્ર કંપાઉન્ડ, પ્રાંતિજ,
તાલુકો- પ્રાંતિજ, જિલ્લો-સાબરકાંઠા

## ચિલોડા ગ્રુપ અમરનાથ મિત્રમંડળે અમરનાથ યાત્રા સંપન્ન કરી

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ગ્રુપે અમરનાથ મિત્ર મંડળના સંયોજક જાનીભાઈની રાહબરી હેઠળ દર વર્ષની જેમ તાજેતરમાં સતત સાતમીવાર અમરનાથ યાત્રા પૂર્ણ કરી ધન્યતા અનુભવી છે. આ યાત્રામાં સાથીમિત્રો ૫૯ યાત્રિકો જોડાયા છે ચિલોડાના જાનીભાઈ, ફાલ્ગુનીબેન, હેત જાની પર્વતારોહક અક્ષય ચૌહાણ, અશોકભાઈ, સતીષ મકવાણા, વિશાલ, કૌશિકભાઈ અને નિકુલનો સમાવેશ થાય છે.

યાત્રિક અને સંયોજક જાનીભાઈના જણાવ્યા મુજબ શ્રદ્ધા હોય ત્યાં યાત્રામાં કોઈનો ડર રહેતો નથી. બર્ફાની બાબાના દર્શનાર્થી તરીકે આ યાત્રા ખૂબ કઠીન છે. ઘણીવાર આતંકી હુમલાના ભયના ઓથાર હેઠળ બાબા બર્ફાની પ્રતિ દર સારી આસ્થા ઉમેરાતી જાય છે. શ્રદ્ધાવાન ભક્તજનોની કમજોરીમાં દર્શનાનો લ્હાવો લેવા ખૂબ ઉત્સાહથી યાત્રા પૂર્ણ કરવા



યાત્રિકો બમ બમ ભોલેનાં જયનાદથી પૂર્ણ કરવા યશભાગી બને છે. બાબાનો જયઘોષમાં અખૂટ શક્તિનો સંચાર થાય છે. કટીબદ્ધતા વ્યક્ત કરે છે. આ યાત્રિકોને બાબા બર્ફાનીના દર્શન કરાવામાં ભારતીય સેનાની મદદ ખૂબ સહાનીય ગણાય છે.

